
## મહર્ષિ શ્રી અરવિંદ ઘોષની

# 150 મી

## જન્મ જયંતિ નિમિત્તે

ઓરો સેન્ટર દ્વારા પ્રકાશિત વિશેષાંક

# મહર્ષિ શ્રી અરવિંદ : દર્શન અને ચિંતન



સંપાદક : જિગીષા પટેલ
શ્રી મીરામ્બિકા સ્કૂલ
ઓરો સેન્ટર

# શ્રી માતાજીનું પ્રતીક



The central circle represents the Divine Consciousness. The four petals represent the four powers of the Mother.

The twelve petals represent the twelve powers of the Mother manifested for Her work. The central circle represents the Supreme Mother, the Mahashakti.


The four central petals are the four aspects of the Mother – and the twelve petals, Her twelve attributes.– The Mother

**શ્રી માતાજીનું પ્રતીક**

મધ્ય વર્તુળ દિવ્ય ચેતનાનું પ્રતીક છે. ચાર પાંખડીઓ શ્રી માતાજીની ચાર શક્તિઓનું પ્રતીક છે. બાર પાંખડીઓ શ્રી માતાજીની બાર શક્તિઓનો તેમના કાર્યમાં આવિર્ભાવનું પ્રતીક છે. મધ્ય વર્તુળ પરમ ભગવતી મા, મહાશક્તિનું પ્રતીક છે. ચાર મુખ્ય પાંખડીઓ શ્રી માતાજીના ચાર પાસાંઓ છે – અને બાર પાંખડીઓ તેમના બાર ગુણો છે.

– શ્રી માતાજી

# મહર્ષિ અરવિંદનું પ્રતીક



The descending triangle represents Sat-Chit-Ananda. The ascending triangle represents the aspiring answer from matter in the form of life, light and love. The junction of both, the central square, is the perfect manifestation having at its centre the Avatar of the Supreme which is symbolised by the lotus. The water inside the square represents the multiplicity, the creation.– The mother

**શ્રી અરવિંદનું પ્રતીક**

ઊતરતો ત્રિકોણ સત્-ચિત્-આનંદનું પ્રતીક છે. ઊર્ધ્વગામી ત્રિકોણ જીવન, પ્રકાશ અને પ્રેમના રૂપે સ્થૂળમાંથી આવતી અભીપ્સાના પ્રત્યુત્તરનું પ્રતીક છે. બંનેનું મિલન મધ્યવર્તી ચતુષ્કોણ – પરમપ્રભુનો – કમળ – અવતારનો પૂર્ણ આવિર્ભાવ છે – ચતુષ્કોણમાં રહેલું જલ – બહુવિધતા, સર્જનનું પ્રતીક છે.

– શ્રી માતાજી


# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પાન નં. |
|---|---|---|---|
| ૧. | પ્રિયજન — આત્મીયજન સ્વ. શ્રી કમલેશભાઈ પટેલને સાદર અર્પણ | શ્રી પ્રમોદ પટેલ | ૦૧ |
| ૨. | સંપાદકની કલમે | શ્રી જિગીષા પટેલ | ૦૩ |
| ૩. | માતર : એક તીર્થસ્થાન | શ્રી દક્ષેશ બ્રહ્મભટ્ટ | ૦૪ |
| ૪. | ઓરો સેન્ટર ( આશ્રમ ) : એક અવલોકન | શ્રી પ્રહ્લાદભાઈ પટેલ | ૧૧ |
| ૫. | શ્રી અરવિંદ અને શ્રી માતાજી | શ્રી જ્યોતિબેન થાનકી | ૧૫ |
| ૬. | શ્રી માતાજી | ડો. મફતલાલ પટેલ | ૨૧ |
| ૭. | શ્રી માતાજીની શિક્ષણ વિષયક વિચારણા | ડો. હેમંત શાહ | ૨૫ |
| ૮. | શ્રી અરવિંદ : આધ્યાત્મ યુગપુરુષ શ્રી અરવિંદ | શ્રી પ્રમોદ શાહ | ૩૨ |
| ૯. | મહર્ષિ શ્રી અરવિંદ | શ્રી રમેશ તન્ના | ૩૫ |
| ૧૦. | શ્રી અરવિંદ — એક શાશ્વત જન્મ | શ્રી શ્યામ માંડવિયા | ૩૮ |
| ૧૧. | ગુજરાતમાં શ્રી અરવિંદ | શ્રી નિર્મિત ભટ્ટ | ૫૦ |
| ૧૨. | અભીપ્સા અને અનુભવ | ડો. ખોડાભાઈ પટેલ | ૫૬ |
| ૧૩. | એક પત્ર | શ્રી યાદવ ભોલુ કે. | ૬૨ |
| ૧૪. | શ્રી અરવિંદ : પ્રેરક અને પ્રભાવી જીવન | એક શુભેચ્છક | ૬૩ |
| ૧૫. | શ્રીકૃષ્ણવૃક્ષની કૃપા | ડો. કુમારપાળ દેસાઈ | ૬૫ |
| ૧૬. | શ્રી મહર્ષિ અરવિંદ : યોગથી પૂર્ણયોગની યાત્રા | શ્રી દેવેશ મહેતા | ૬૯ |
| ૧૭. | શ્રી રાજેન્દ્રભાઈના કેટલાક વિચારવા જેવાં વાક્યો | શ્રી ઉમાકાન્ત ત્રિપાઠી | ૭૨ |
| ૧૮. | શ્રી અરવિંદ : એક ઇતિહાસ | શ્રી પી. કે. લહેરી | ૭૫ |
| ૧૯. | ઉત્ક્રાંતિ, વિજ્ઞાન અને અધ્યાત્મ | શ્રી યોગેશ થાનકી | ૭૯ |
| ૨૦. | શ્રી અરવિંદ દર્શન મુજબ નૂતન યુગની ઉષા | ડો. ખોડાભાઈ પટેલ | ૮૨ |
| ૨૧. | શ્રી મહર્ષિ અરવિંદ : યુગદૃષ્ટા દાર્શનિક | શ્રી ચેતનાબેન જોષી | ૮૯ |
| ૨૨. | શ્રી માતારવિંદ શરણમ્ મમ: | શ્રી શ્યામ માંડવિયા | ૯૩ |

# પ્રાતઃ પ્રાર્થના



**જય શ્રી મા મીરાં**



**જય શ્રી અરવિંદ**

હે મા ભગવતી ! અનંત કોટિ બ્રહ્માંડોની અધિષ્ઠાત્રી આખાયે વિશ્વના અણુએ અણુમાં વ્યાપી રહેલી હે મહેશ્વરી ! આજના આ સુપ્રભાતે તને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું. તને મારાં હજારો વંદન હો !

હે મા ! આખુંયે વિશ્વ તે તારા વિરાટોના ય વિરાટ એવા મહા સ્વરૂપમાંથી પ્રગટ કરેલું છે અને અખિલ બ્રહ્માંડના અણુએ અણુમાં પણ તું જ પ્રકાશી રહેલી છે. મા ભગવતી ! મારા અંધકારના પડદાઓ વિદારી નાખ અને મારી સન્મુખ પ્રગટ થા. મા ! કૃપા કર !!!

હે મા ! મારા પ્રત્યેક અણુમાં પ્રગટ થા, દુરિત ઇચ્છાઓ, વિપરીત વાસનાઓ અને કલુષિત કામનાઓ પાછળ વેડફી નાખેલા મારા કેટલાય જન્મો મેં દુઃખો અને યાતનાઓમાં પસાર કર્યા છે. મા ! આ જન્મે મારી પ્રાર્થના સાંભળ અને મારા અંધકારગ્રસ્ત પ્રાણની ક્ષુદ્ર વાસનાઓને તારી આભામાં ઓગાળી નાખ. મા ! હું પ્રાર્થું છું કે મારા જીવનની પ્રત્યેક ક્રિયા તારી ઇચ્છાને અનુરૂપ બની રહો. મારું આખુંયે જીવન સંપૂર્ણપણે તને જ સમર્પિત થાઓ !

હે મા ! મારાં આજનાં સર્વે કાર્યો તને સમર્પું છું. તારી ઇચ્છા અનુસાર જ તે સૌ સધાય એવું તું મને જ્ઞાન આપ, બળ આપ, પ્રકાશ આપ, પ્રેરણા આપ ! મા ! સદાસર્વદા મારું રક્ષણ કર !

મા ભગવતી ! કૃપા કરીને એવું વરદાન આપ કે હું તને એક ક્ષણભર પણ વીસરું નહિ અને તન, મન, પ્રાણ અને આત્મા સાથે મારું બધુંય તે કેવળ તારું જ બની રહે !

હે મા ! તને મારાં કોટિ કોટિ વંદન હો !

**— જય શ્રી અરવિંદ**



# પૂજ્ય પિતાશ્રી પ્રહ્લાદભાઈ હરગોવિંદભાઈ પટેલને સાદર અર્પણ

જીવનમાં જેમણે કૃષિવિદ્યાને નવો ઓપ આપ્યો, શિક્ષણને જીવનમાં સેવામંત્ર બનાવ્યો અને જેમણે જીવનમાં શ્રી અરવિંદ આશ્રમના પૂ. માતાજીના સંદેશને આત્મસાત કર્યો એવા શ્રી પ્રહલાદભાઈ હરગોવિંદભાઈ પટેલનો જન્મ બાવળા પાસેના ત્રાંસદ જેવા નાના ગામમાં તા. ૧૪-૬-૧૯૨૪ના રોજ થયો. શ્રી પ્રહલાદભાઈ પોતે જન્મજાત ખેડૂત હોવાથી ખેતી અને તેના વિકાસમાં વિશેષ રસ હોય તે સ્વાભાવિક છે. તેઓએ પરંપરાગત ખેતીમાં અનેક સુધારાઓ કરી ખેતીમાં પણ વ્યવહારુ અભિગમ દાખવ્યો. કૃષિવિદ્યાની તાલીમની સાથે સાથે એમ. એમ. હાઈસ્કૂલ સોજિત્રામાં એસ.એસ.સી. પાસ કરી હિન્દી વિષયમાં વિશેષ રસ હોવાથી ગૂજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રભાષાની પરીક્ષામાં પણ તેઓ ઉત્તીર્ણ થયા. પશુપાલનના વિષયમાં તેઓની આગવી સૂઝ અને સમજ દાદ માંગી લે તેવી હતી. તેથી ‘બોમ્બે વિલેજ ઇન્ડસ્ટ્રીઝ બોર્ડ’ તરફથી મધમાખી પાલનમાં ઉત્તમ કામગીરી બદલ તેઓના સન્માનની સાથે સન્માનપત્ર પ્રાપ્ત કર્યું. સાથે સાથે કૃષિ વિદ્યાભવન, આણંદમાં કૃષિવિદ્‌ની પરીક્ષામાં પાસ થઈને કૃષિવિદ્યાની પદવી મેળવી. જાણીતા ઉદ્યોગપતિ અને દાનવીર શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના તેઓ પ્રીતિપાત્ર બન્યા. નામ જેવા ગુણ – સ્વભાવે સરળ અને મૃદુ તેવાં મૃદુલાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

૧૯૫૬થી ૧૯૬૩ સુધી કસ્તુરભાઈ લાલભાઈના અંગત માલિકીના ફાર્મમાં કામ કર્યું. ખૂબ જ ખડતલ જીવન જીવ્યા. ૨૦ કિમી સાઇકલ પર પ્રવાસ કરતા. મૃદુલાબહેન અને પ્રહલાદભાઈ બંનેએ ત્યાં રહી ખૂબ જ સંકટોનો સામનો કર્યો અને પાર ઉતર્યા. ૧૯૬૩-૬૪માં શ્રી માતાજીએ પ્રેરણા આપી અને એગ્રીકલ્ચરમાંથી કલ્ચરમાં – સંસ્કારશિક્ષણમાં ‘અમારી શાળા’ એ નામથી શાળા શરૂ થઈ. ૧૯૬૬-૬૭માં શ્રી માતાજીના દિવ્ય આશીર્વાદથી શાળાનું નામ ‘શ્રી મીરામ્બિકા હાઈસ્કૂલ’ આપવામાં આવ્યું. ખૂબ જ ટૂંકા ગાળામાં એક કેળવણીકાર સંસ્થાએ શિક્ષણ જગતમાં એક આગવી ઓળખ અને નામના પ્રાપ્ત કરી. પૂજ્ય માતાજીનો દિવ્ય સંદેશ ‘શ્રદ્ધા અને સત્યનિષ્ઠા એ સફળતાના જોડિયાં બળો છે.’ એ સંદેશને જીવનમાં ઉતાર્યો અને તેઓ અરવિંદમય બન્યા. ૧૯૫૧થી શ્રી અરવિંદ આશ્રમ પોંડિચેરીની આધ્યાત્મિક યાત્રા શરૂ કરી હતી. દિવ્ય માતાજીએ તેમને નૂતન જન્મ આપ્યો. તેઓ દ્વિજ થયા અને દિવ્ય જીવન જીવવાનાં બીજ તેઓના જીવનમાં રોપાયા. મોક્ષ સાધના પથના તેઓ આધ્યાત્મિક યાત્રી બન્યા. મૃદુ અને

સુકોમળ વાણી તેની સાક્ષી બની. ત્યારબાદ અમેરિકાનો તેમણે પ્રવાસ કર્યો. બંને પૌત્રો દેવર્ષિ – મહર્ષિને ઉચ્ચ અભ્યાસનો લાભ મળે તે વસ્તુ તેમના જીવનમાં કેન્દ્રસ્થાને હતી. પણ માતાજીનો સંકેત કંઈ જુદો જ હતો. માતાજીએ બંને પૌત્રોને આશ્રમમાં બોલાવ્યા અને ત્યાં (પોંડિચેરી આશ્રમમાં, ૧૯૮૬થી ૨૦૦૨) રાખીને ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારો આપ્યા. શ્રી પ્રહલાદભાઈ, મૃદુલાબહેન અને મારે (આ લખનારને) ત્યાં વારંવાર જવું પડે અને લાંબો સમય રહેવું પણ પડે તે વિકટ પરિસ્થિતિમાં પણ બંને પૌત્રોને ત્યાંનું શિક્ષણ અપાવ્યું.

૧૯૬૬માં શ્રી મીરામ્બિકા શાળામાં ઓરો સેન્ટરની સ્થાપના કરી તેઓ આજીવન ચેરમેન રહ્યા. અમેરિકામાં રહેતા હતા તે દરમિયાન તેમને અંતઃસ્ફૂરણા થઈ, શ્રી અરવિંદ અને માતાજીનું વિઝન થયું. તેના પરિપાકરૂપે માતર પાસે 'ૐપુરી' જતાં માતરમાં ખેડા પાસે ઓરો સેન્ટરની સ્થાપના કરી અને પોતાની સંપત્તિ વેચીને પોતાનું સમગ્ર જીવન ત્યાં અર્પણ કર્યું. દિવ્ય માતાજીના એક બહાદુર ધીર યોદ્ધાની જેમ શ્રી માતાજીનો અને શ્રી અરવિંદનો દિવ્ય સંદેશ વધુ ને વધુ વ્યાપક બને, મનુષ્યો દિવ્યતાના તેજોવલયમાં આનંદ અને ઉલ્લાસપૂર્વક વિંટળાઈ રહે તે શુભ ભાવનાથી શ્રી પ્રહલાદભાઈએ પોતાનું જીવન ધૂપસળીની જેમ સમર્પિત કર્યું.

તેઓએ પોતે પોતાનું સમગ્ર જીવન તપાવીને અન્યને તેજ આપ્યું તથા ધૂપસળીની જેમ પોતે બળીને અન્યને સુગંધ આપવાનું કાર્ય તેઓ કરતાં રહ્યા. એ એમના જીવનની મોટામાં મોટી સિદ્ધિ છે. અમારા પારિવારીક ઉત્કૃષ્ટ લક્ષણ તરીકે ગણીએ તો ગૌરવ.

તેઓ આ ફાની દુનિયાને અલવિદા કરીને – ભવના બંધનો કાપીને તા. ૨૫-૧૨-૨૦૦૫ના રોજ પરલોક સિધાવ્યા.

ખરેખર, તેઓ સસરા – સસરા નહિ સવાયા પિતાની પ્રતીતિ કરાવતા ગયા ને મારા માટે એક મોટી જણસ છે, જે આજે પણ પ્રેરણાસ્રોત છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર એક મહાન ચિંતકના સદૈવ ઉપાસક અને સાધક રહ્યા.

આમ, એમના ૮૨ વર્ષની જીવનયાત્રામાં કાર્યો ઉપર દૃષ્ટિપાત કરીએ તો તેઓના સમગ્ર જીવનમાં શૈક્ષણિક, આધ્યાત્મિક અને ખેતીમયનો ત્રિવેણી સંગમ જોઈ શકાય છે. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિ હતા. તેઓએ સમાજને આપેલ યોગદાનનું ઋણ અદા કરવા તેમજ તેઓએ કરેલાં કાર્યોની સ્મૃતિ ચિરંજીવ બની રહે તે હેતુને નજર સમક્ષ રાખીને ઓરોસેન્ટર માતર 'શ્રી અરવિંદ : દર્શન અને ચિંતન' પુસ્તક સાદર અર્પણ કરતાં ગૌરવની લાગણી અનુભવું છું.

**– જિગીષા પટેલ**


# પૂ. માતાજીએ ફૂલોના આપેલા આધ્યાત્મિક અર્થ



BEGINNING OF REALISATION IN MATTER.
Matter responds to the Divine influence.
• The Mother •



MIND OF LIGHT ACTING IN MATER.
A powerful aid to progress.
• The Mother •



PSYCHIC AWAKENING IN MATTER.
Matter opens itself to the spiritual life.
• The Mother •



MIND OF LIGHT ACTING IN MATTER.
A powerful aid to progress.
• The Mother •



ATTRACTION FOR THE LIGHT.
In its attraction, it tries to imitate the stars.
• The Mother •



PSYCHOLOGICAL PERFECTION IN MATTER.
The first step towards transformation.
• The Mother •

## ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૨ - સંસ્કૃતિ મંત્રાલય તરફથી

# પૂ.માતાજી અને શ્રી અરવિંદના જીવનની પ્રતિકૃતિ


















## ઓરો સેન્ટર : શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, ઓમપુરી રોડ, માતર.
મો. ૭૬૯૮૪૮૮૬૯૮













# ઓરોવિલ - માતૃમંદિર

## પોન્ડીચેરી








# આશ્રમની પ્રવૃત્તિઓનો ફોટોગ્રાફ




















# શ્રી માતાજી અને શ્રી અરવિંદની સમાધિ - પુડુચેરી



અમારા ગુરુના નિવાસ રૂપ બનેલા હે પાર્થિવ આવરણ, તમારા અમે અપાર અપાર કૃતજ્ઞ છીએ. અને આપને નમન છે અમારાં આપને ચરણે, હે ગુરુ ! આપે અમારે માટે કેટલુ કેટલું કર્યું છે ! આપે કાર્ય ઉપાડ્યું, જંગ ખેડ્યા, ઘા વેઠ્યા, આશાઓ સેવી અને કેટલું કેટલુંયે તપ્યા. હૈ ગુરુ, આપે વિશ્વની સકલ સિદ્ધિને માટે સંકલ્પે સેવ્યો,એ સર્વેને સિદ્ધ કરવાને સાધના આદરી, તૈયારી કરી અને અમારે માટે સર્વ કાંઇ સિદ્ધ કરી આપ્યું. આપને અમારા નમન છે, અને પ્રાર્થના છે કે આપના પ્રતિનું અમારું આ સર્વ ઋણ અમે કદી પણ, એક ક્ષણ માટે પણ, વીસરીએ નહિ.

ડિસેમ્બર ૯, ૧૯૫૦ — શ્રી માતાજી